**રાજ્ય સરકારના તેમજ પંચાયત સેવાના કર્મચારીઓ અને પેન્શનરોના તબીબી ભથ્થામાં વધારો કરવા બાબત**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
**ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૨૨/ ઓ-૩૬૨/પગાર એકમ (ચ)**
સચિવાલય, ગાંધીનગર
**તા. ૨૪/૦૯/૨૦૨૨**

**વંચાણે લીધા :**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૮૧/૨૦૯૭(૮૨)ઘ, તા.૩૧/૦૩/૧૯૮૨
(૨) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: વલભ/૧૭૯૦/૧૨૫૭/જ, તા.૨૫/૦૭/૧૯૯૦
(૩) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: પગર-૧૦૯૮-૧૨-મ, તા.૨૨/૦૧/૧૯૯૮
(૪) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક: પગર-૨૦૧૨-૩૪૫-ચ, તા.૦૩/૧૦/૨૦૧૨

**ઠરાવ**

રાજ્ય સરકારના તેમજ પંચાયત સેવાના કર્મચારીઓ અને પેન્શનરોને ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના તા.૦૩/૧૦/૨૦૧૨ ના ઠરાવથી નક્કી થયા મુજબ તબીબી ભથ્થુ હાલમાં પ્રતિ માસ રૂ.૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા) ચુકવવામાં આવે છે. આ તબીબી ભથ્થાની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણા બાદ હાલમાં મળતા તબીબી ભથ્થાની રકમમાં વધારો કરીને પ્રતિ માસ રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) ચુકવવાનું નીચેની શરતોએ ઠરાવવામાં આવે છે.

(૧) આ હુકમ રાજ્ય સરકાર/પંચાયત સેવાના કર્મચારીઓ તેમજ પેન્શનરોને લાગુ પડશે.
(૨) વર્કચાર્જ કર્મચારીઓ કે જેમણે સળંગ એક વર્ષની નોકરી પૂર્ણ કરી હોય તેઓને લાગુ પડશે.
(૩) નાણા વિભાગના તા.૦૩/૧૦/૨૦૧૨ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.
(૪) હિસાબી પધ્ધતિ તેમજ વિકલ્પ આપવા અંગેની બીજી શરતો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તબીબી સારવાર નિયમો, ૨૦૧૫ મુજબની રહેશે.
(૫) આ હુકમનો અમલ તા.૦૧/૧૦/૨૦૨૨ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીનલ એન. ચૌધરી)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી

*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુલનલ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલ–૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલ–૨ (એ. એન્ડ ઈ. ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
પેન્શન ચુકવણા અધિકારી, અમદાવાદ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
બોર્ડ/નિગમ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ
આઈટી કોઓર્ડીનેટર–નાણા વિભાગ– આ ઠરાવ નાણા વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.

----------------------------

* પત્ર દ્વારા